# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ** ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક : પરચ – ૧૦૨૦૨૦ – ૫૦૧ – ટ

**નોવેલ કોરોના વાઈરસ (COVID-19) ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત...**

## <u>પરિપત્ર</u>

નોવેલ કોરોના વયરસ (COVID-19) સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી સાવચેતીના પગલારૂપે ઉકત વંચાણે લીધેલ ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ તરફથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ મુજબ તા.૦૧.૦૫.૨૦૨૧થી તા.૧૫.૦૫.૨૦૨૧ સુધીના સમયગાળા માટે આવશ્યક / તાત્કાલિક સેવા સિવાયની સરકારી કચેરીઓમાં ૫૦% સ્ટાફ સાથે ચાલુ રાખવા જણાવેલ છે તેમજ અન્ય અધિકારી / કર્મચારીઓએ ઘરેથી વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે તેમજ મોબાઈલ ફોન અને ઈ–મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. તેમજ જાહેર સેવા વિતરણ સંબંધમાં કોઈ અડચણ ન આવે તે રીતે જરૂરી તમામ સ્ટાફ ઉપસ્થિત રહેશે તેમ જણાવેલ છે. તેમજ કચેરીમાં દિવ્યાંગ કર્મચારી (Person with disabilities) તથા સગર્ભા મહિલા કર્મચારીઓને ફરજ પર બોલાવવાના રહેશે નહિ. પરંતુ આવા કર્મચારીઓએ વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે. તેમજ આગામી તા.૧૫.૦૫.૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિ – રવિ બંધ રહેશે. કચેરીમાં કર્મચારી / અધિકારીશ્રીઓની હાજરી સંબંધમાં દરેક કામના સ્થળે સામાજિક અંતર (Social Distances) જળવાય રહે તે જોવાનું રહેશે. (COVID-19) સંક્રમણને નિયંત્રણમાં રાખવા વધુમાં વધુ વીડીયો કોન્ફરન્સ સુવિધાનો ઉપયોગ કરવો વગેરે સૂચનાઓ સરકારશ્રી તરફથી જાહેર હિતમાં બહાર પાડવામાં આવેલ છે જેનો અમલ અત્રેની યુનિવર્સિટીમાં કરવાનો રહેશે.

વધુમાં રોજમદાર, ખેત મુજરો તથા ઓફીસોમાં કામગીરી કરતા રોજમદારોને કચેરીના વડાશ્રીઓએ કામગીરીને ધ્યાને લઈ પોતાની વિવેક બુધ્ધિ અનુસાર હાજરી અંગેની વ્યવસ્થા કરવાની રહેશે.

ઈ/ચા.કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ Covid-19/ ૪૨૨૧-૭૦/૨૦૨૧.
નવસારી. તારીખઃ ૩૦ /૦૪/૨૦૨૧.

***<u>નકલ સવિનય રવાનાઃ–</u>***
સેકશન અધિકારીશ્રી, ક–ર શાખા, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર

***<u>નકલ જયભારત સાથ રવાના :–</u>***
(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
(૨) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતુ થવા સારુ.

***<u>નકલ રવાનાઃ–</u>***
અત્રેની કચેરીની અ.ર.૪ શાખા તરફ જાણ તેમજ ઘટતું થવા સારુ.

**નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત.**

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ

સચિવાલય, ગાંધીનગર.

તા.૩૦/૦૪/૨૦૨૧

વંચાણે લીધા : (૧) આ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૧૫/૦૪/૨૦૨૧નો પરિપત્ર.

(૨) આ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૩/૦૪/૨૦૨૧નો પરિપત્ર

(૩) ગૃહ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૨૧ના બે પરિપત્ર ક્રમાંક : વિ-૧ / કઅવ / ૧૦૨૦૨૦ /૪૮૨

## પરિપત્ર:

રાજ્યમાં કોરોના વાઈરસ (કોવિડ-૧૯)નું સંક્રમણ વધતા તમામ સરકારી / અર્ધસરકારી / બોર્ડ / કોર્પોરેશનની કચેરીઓમાં ફરજ બજાવતાં અધિકારીઓ / કર્મચારીઓને નોવેલ કોરોના વાઈરસ (Covid-19) ચેપી રોગનું સંક્રમણ ન થાય તે માટે પૂરતી તકેદારી લેવાના ભાગરૂપે ઉપર વંચાણમાં લીધેલ ક્રમ (૧) અને (૨) સામેના પરિપત્રથી જરૂરી સૂચનાઓ **તા.૧૫/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧** સુધીના સમયગાળા માટે પરિપત્રિત કરવામાં આવેલ છે.

૨. દરમ્યાનમાં ઉપર વંચાણમાં લીધેલ ક્રમ (૩) સામેના ગૃહ વિભાગના બે હુકમોથી કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં સરકારી / અર્ધસરકારી કચેરી, બોર્ડ / કોર્પોરેશનમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦% સુધી મર્યાદિત કરવાનું સુનિશ્ચિત કરવા નક્કી કરેલ છે.

૩. રાજ્ય સરકાર દ્વારા નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં **તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૧૫/૦૫/૨૦૨૧** સુધી આવશ્યક / તાત્કાલિક સેવા સિવાયની સરકારી કચેરીઓ ૫૦% સ્ટાફ સાથે ચાલુ રાખવા સંબંધમાં નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

- રાજ્ય સરકારના વહીવટી વિભાગો અને ખાતાના વડાઓ હસ્તકની કચેરીઓ, અર્ધસરકારી, બોર્ડ/કોર્પોરેશનની કચેરીઓમાં અધિકારી/કર્મચારીઓ સંબંધમાં ૫૦% સુધીનો સ્ટાફ ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી વર્ક ફ્રોમ હોમ કરવાનું રહેશે તેમજ મોબાઈલ ફોન અને ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. જો કે જાહેર સેવા વિતરણ સંબંધમાં કોઈ અડચણ ન આવે તે રીતે જરૂરી તમામ સ્ટાફે ઉપસ્થિત રહેવાનું રહેશે.
- રાજ્ય સરકાર હસ્તકની આવશ્યક / તાત્કાલિક સેવા સાથે સંકળાયેલ કચેરીઓ સિવાયની કચેરીઓમાં ફરજ બજાવતાં દિવ્યાંગ કર્મચારીઓ (Person with disabilities) તથા સગર્ભા મહિલા કર્મચારીઓને ફરજ પર બોલાવવાના રહેશે નહિ. પરંતુ આવા કર્મચારીઓએ વર્ક ફ્રોમ હોમ

- તા.૧૫/૦૫/૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિ-રવિ બંધ રહેશે.

- કચેરીમાં કર્મચારીઓ / અધિકારીઓની હાજરીના સંબંધમાં દરેક કામના સ્થળે સામાજિક અંતર (Social Distances) જળવાય તે જોવાનું રહેશે.

- નોવેલ કોરોના વાઈરસ (Covid-19)નું સંક્રમણ ન થાય તે માટે અધિકારીઓની રૂબરુ મુલાકાત, બેઠક વગેરે ટાળી, વીડીયો કોન્ફરન્સ સુવિધાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન કરવા સર્વે વહીવટી વિભાગને જણાવવામાં આવે છે.

- નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં વધુમાં વધુ Correspondence સરકારી ઈ-મેઈલ પર થઈ શકે, તે મુજબની વ્યવસ્થા સર્વે વિભાગે ગોઠવવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અધિક મુખ્ય સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧/૨, ગાંધીનગર.
(૪) માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
(૫) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૬) સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગ (તેઓ હસ્તકના ખાતાના વડા તેમજ તાબાની કચેરીઓના ધ્યાને મુકવા સારૂ.)
(૭) નિવાસી નાયબ સચિવશ્રી, સા.વ.વિ., સચિવાલય, ગાંધીનગર.
(૮) નાયબ પોલીસ અધીક્ષકશ્રી (સલામતી શાખા), સચિવાલય, ગાંધીનગર.
(૯) સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રી.
(૧૦) સેકશન અધિકારીશ્રી (બુથ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૧) સિલેક્ટ ફાઈલ (ટ-શાખા)
(૧૨) જનરલ સિલેક્ટ ફાઈલ.

A33
30/4

કુલ સચિવ

વંચાણે અર્થે સાદર રજુ

માન. કુલપતિશ્રી

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૨૫૦૩
30 APR 2021
એડીએમ-૩ શાખા